**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૦/૧૦/૨૦૧૭ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૨૧/૧૭**

**અમદાવાદ શહેર કંટ્રોલરૂમ દ્વારા કરેલ કામગીરી**

અમદાવાદ શહેર કંટ્રોલ રૂમ ખાતે તા.૧૯/૧૦/૧૭ કાળી ચૌદસના રાત્રીના સમયે ૧૦૦ નંબર ઉપર ફોન આવેલ કે હું તથા મારા શેઠ ગાડી લઈને જતા હતા ત્યારે એક એક્ટીવા સાથે એક્સીડન્ટ થઈ જતાં અમોને બહુજ માર મારેલ છે અને સામાવાળા ચારથી પાંચ એક્ટીવા લઈને સાતથી આઠ માણસો આવી મારા શેઠને રીક્ષામાં બેસાડી છારાનગર બાજુ લઈ ગયેલ છે.

અમદાવાદ શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રીએ આ મેસેજ ગંભીરતા લઈ તાત્કાલીક મેસેજ આપનારે આપેલ સ્થળ સરદારનગર પોલીસ સ્ટેશનની હદ વિસ્તાર હોઈ સરદારનગર પોલીસ સ્ટેશન, મદદનીશ પોલીસ કમિશનરશ્રી “જી” ડીવીજન અને નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૪ નાઓને જાણ કરી હતી. આમ કંટ્રોલરૂમ દ્વારા મેસેજ સંબંધીત પોલીસ/અધિકારીઓને જાણ કરતા થોડાજ સમયમાં બનાવ સંબંધે કામગીરીમાં રોકાયેલ પોલીસ/અધિકારીઓએ ગુનામાં સંડોવાયેલ વ્યક્તિ સુધી પહોચીગુનાનુ મોટુ સ્વરૂપ ધારણ કરે તે પહેલા સુરક્ષાના ધોરણે આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી હતી

આમ પોલીસ કંટ્રોલરૂમના કાર્યરત પોલીસ કર્મચારીની સતર્કતાથી અમદાવાદ શહેરમાં બનતો ગંભીર પ્રકારનો ગુનો અટકી શક્યોહતો.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.